NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2009

# GUJARATI HOME LANGUAGE: PAPER I

Time: 2 hours 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This paper consists of 6 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2009

**પ્રશ્ન-૧ નીચેનો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ટ્રાન્સવાલની ધારાસભાએ સને ૧૯૦૬માં 'એશિયાટિક એમેન્ડમેન્ટ એક્ટ' નામે ધારો પસાર કર્યો હતો. એ કાયદાની મુખ્ય કલમ એ હતી કે ટ્રાન્સવાલમાં રહેનાર હિંદીઓએ એશિયાઈ દફતરમાં પોતાનાં નામ નોંધાવી પરવાના મેળવવાના અને પોતાના હાથનાં તમામ આંગળાંની અને અંગૂઠાની છાપ આપવી. આ કાયદાની નેમ હિંદીઓને ધીમે ધીમે ટ્રાન્સવાલમાંથી હાંકી કાઢવાની હતી એ સ્પષ્ટ હતું. પહેલી વાર એ કાયદાને શહેનાશાહે બહાલી આપી નહિ,એટલે સને ૧૯૦૭ ના માર્ચની ૨૨ મી તારીખે એ કાયદો ટ્રાન્સવાલની કાઉન્સિલે ફરી પસાર કર્યો અને આ વખતે એને શહેનાશાહની મંજૂરી મળી ગઈ, એટલે આની સામે માથું ઊંચકવું તે હિંદી પ્રજા માટે અનિવાર્ય બન્યું.

ગાંધીજીએ આની સામે સત્યાગ્રહ શરૂ કર્યો. સરકારે હિંદીઓને પકડવા માંડયા. ૧૯૦૮ ના જાન્યુઆરીની 10 મી તારીખે ખુદ ગાંધીજી પણ પકડાયા, પરંતુ હિંદી કોમનું બળ જોઇ છેવટે સરકારને સુલેહ કરવી પડી. એ મુજબ એવા કરાર થયા કે હિંદીઓએ મરજિયાત રીતે રજિસ્ટર થઈ જાય તો પછી સરકારે આ ખૂની કાયદો રદ કરવો.

હિંદી કોમનો સત્યાગ્રહ શરૂ થયો. અને માત્ર વીસ જ દિવસમાં સરકારને સમાધાન કરવું પડયું. સરકારને સત્યાગ્રહીઓને જેલમાંથી બહાર કાઢવા પડયા તેમાં હિંદી કોમની જીત હતી, પણ હવે તો મરજિયાતપણે રજિસ્ટર થવામાં પણ કેટલાક હિંદીઓને દોષ જણાયો. વળી સરકારે રંગભેદને ઉત્તેજતો ઈમિગ્રેશન કાયદો પણ પસાર કર્યો હતો. તે મુજબ હિંદી ગમે તેવો કેળવાયેલો હોય તો પણ તે ટ્રાન્સવાલમાં પગ ન મૂકી શકે એમ હતું. હિંદી આગેવાનોનું એમ માનવું હતું કે હિંદી કોમ જો ઠરાવેલી મુદતમાં રજિસ્ટર થઈ જશે તો સરકાર બંને કાયદા રદ કરશે અને રંગભેદ રહેશે નહી. આથી જલદી રજિસ્ટર થઈ જવાની તરફેણમાં વાતાવરણ ઝડપથી સર્જાવા માંડયું.

૧.૧ ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ટ્રાન્સવાલની ધારાસભાએ ક્યારે અને કયો ધારો પસાર કર્યો હતો ? (2½)

૧.૨ આ કાયદાની મુખ્ય કલમ શું હતી ? (2½)

૧.૩ આ કાયદાની નેમ શું હતી ? (2½)

IEB Copyright © 2009

૧.૪ પહેલી વાર આ કાયદાને કોણે બહાલી આપી નહીં ? (2½)

૧.૫ આની સામે કોણે સત્યાગ્રહ શરૂ કર્યો ? (2)

૧.૬ ગાંધીજી ક્યારે પકડાયા ? (2)

૧.૭ હિંદી કોમની જીત શેમાં હતી ? (2)

૧.૮ હિંદી આગેવાનોનું શું માનવું હતું ? (2)

૧.૯ નીચે આપેલા શબ્દો માટે સમાનાર્થી શબ્દો લખો.

૧.૯.૧ દોષ ૧.૯.૨ માથું (2)

**[20]**

પ્રશ્ન-૨ નીચે આપેલા ચિત્ર પરથી આઠ થી દસ લીટીઓ લખો.



**[10]**

પ્રશ્ન-3 નીચેનો ફકરો વાંચી તેનો સારાંશ / **Precise** તમારા શબ્દોમાં લખો. (સાત થી આઠ લીટી)

મારે જીવનમાં મોટી વિપત્તિઓનો સામનો કરવો પડયો હોય કે ઘર્ષણોમાંથી પસાર થવું પડયું હોય એમ મને લાગતું નથી. ઊલટું, વ્યક્તિત્વને ખીલવવા માટે હંમેશાં, ચારે બાજુથી અઢળક તકો મળી છે એમ કહેવામાં કશુ વધારે નથી. પહેલેથી એક કૌટુંબિક તાલીમ મળી કે જીવન તરફ એવો અભિગમ અપનાવો કે ગમે તેવા કપરા

સંજોગોમાં પણ સારી બાબતો તારવી, માર્ગ કાઢી, વિશ્વાસ-હિંમત-આનંદપૂર્વક આગળ વધવું. આમ કરવાથી કોઈ પણ પરિસ્થિતિ મુશ્કેલીરૂપ નહીં લાગતાં, વિકાસ માટેની તકરૂપ લાગશે.

જીવનના આ માર્ગમાં મને જે કંઈ સફળતા મળી હોય તેનું કારણ હું નહીં પણ મારાં માતા-પિતા, બહેનભાઈઓ, વડીલો, શિક્ષક, સહધ્યાયીઓ, સહકાર્યકરો અને મિત્રો છે. **[10]**

પ્રશ્ન-૪ નીચેનો ગદ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નનોનાં જવાબ લખો.

ગ્રેજ્યુએટ થયા પછી નોકરી માટે મેં ચાળીસેક જગ્યાએ અરજીઓ કરી હતી તેમાંથી એક અરજીના જવાબમાં ઈન્ટરવ્યૂનો કોલ આવ્યો. આ સચરાચર વિશ્વમાં મારા જેવું પ્રાણી પણ વસે છે, એની નોંધ એક નોકરીદાતાએ તો લીધી એ ખ્યાલે હું ખૂબ રાજી થયો. આ મારો પહેલો ઈન્ટરવ્યૂ હતો. મેં ઈન્ટરવ્યૂની આગલી રાત્રે જોરદાર તૈયારીઓ કરી. ઈન્ટરવ્યૂમાં સામાન્ય જ્ઞાનના પ્રશ્નો શા માટે પૂછવામાં આવે છે તે હું હજી સમજી શક્યો નથી. આખી રાત મેં સામાન્ય જ્ઞાનના અસામાન્ય પ્રશ્નોના ઉત્તરો શીખ્યા કર્યા. મારી પાસે કુલ ત્રણ જોડી કપડાં હતાં તે છયે કપડાં સવારે ઊઠીને વારાફરતી પહેરી જોયાં અને ક્યાં કપડાંમાં મારું વ્યક્તિત્વ નીખરી ઊઠે છે તે નક્કી કર્યું.

ઈન્ટરવ્યૂમાં મને પૂછવામાં આવેલ બધા જ પ્રશ્નોના ઉત્તરો સદ્ભાગ્યે મને આવડયા. હું નિરાંતથી શ્વાસ લેવા જતો હતો ત્યાં એક અણધાર્યો પ્રશ્ન આવી પડયો, "તમે તમારી સાઈકલ વાપરશો કે કંપની ની ?" કંપનીની સાઈકલ વાપરવી હોય તો તમારે પાંચસો રૂપિયા ડિપોઝિટ તરીકે મૂકવા પડશે.

૪.૧ લેખકે શું થયા પછી કેટલી જગ્યાએ અરજીઓ કરી હતી ? (2)

૪.૨ લેખક ક્યારે રાજી થયાં ? (2)

૪.૩ લેખક શૂં ન સમજી શક્યાં ? (2)

૪.૪ લેખક પાસે કેટલી જોડી કપડાં હતાં ? તેમણે સવારે ઊઠીને શું કર્યું ? (2)

૪.૫ લેખક નિરાંતે શ્વાસ લેતા હતા ત્યાં ક્યો એક અણધાર્યો પ્રશ્ન આવી પડયો ? (2)
**[10]**

IEB Copyright © 2009

**પ્રશ્ન–૫.** **નીચે આપેલી જાહેરખબર / advertisement વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.**




**૫.૧ આ શાની જાહેરખબર છે ?** (2)

**૫.૨ આ જાહેરખબર કઈ કંપનીની છે ?** (2)

**૫.૩ આ જાહેરખબરમાં શું શું છે ?** (3)

**૫.૪ આ જાહેરખબર શું કહેવા માંગે છે ?** (3)

**[10]**

IEB Copyright © 2009 

પ્રશ્ન–૬ નીચેનું ચિત્રને જોઈને તમારા વિચારો આઠથી દશ લીટીમાં જણાવો.




**[10]**

**Total: 70 marks**

IEB Copyright © 2009